**<u>આંક ૧ નીચે હુકમ</u>**

૧. વર્તમાન આરોપીઓ વિરૂધ્ધ IPC - 279 તથા એમ. વી. એક્ટની કલમ – ૩,૧૮૧,૧૭૭,૧૮૪ મુજબના ગુન્હાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

૨. સદર ચાર્જશીટ રજુ થતા, આરોપીને સમન્સ કરતા, કોર્ટમાં હાજર થયેલ નથી. આ કામના આરોપીને પોલીસ એજન્સી પ્રોસેસની બજવણી કરી હાજર રખાવી શકેલ નથી.આમ,સમગ્ર ચાર્જશીટ લક્ષમાં લેતા,આરોપીની ગેરહાજરીના કારણે હાલનો કેસ ડેડવુડની જેમ પડી રહેલ છે. આરોપી વિરૂધ્ધ સમન્સ ટ્રાયેબલ ગુન્હાઓનો આક્ષેપ છે. છેલ્લા ઘણા વર્ષથી ઈન્સાફી કાર્યવાહી આરોપી હાજર ન રહેવાના કારણે પેન્ડિંગ છે. આ તબકકે ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩, કલમ ૨૫૮ વંચાણે લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**sec.258**"Power to stop proceedings in certain cases:

In any **summons-case** instituted otherwise than upon complaint,a **Magistrate** of the first class or, which previous sanction of the Chief Judicial Magistrate, any other Judicial Magistrate, may, **for reasons to be recorded** by him, stop the proceedings **at any stage** without pronouncing any judgment and where such **stoppage of proceeding** is made after the evidence of the principal witnesses has been recorded, pronounce a judgment of acquittal and in any other case, release the accused and such release **shall have the effect of discharge.**

૩. આમ,નામદાર સુપ્રિમ કોર્ટના AIR 2012 SC 3217 Rajan Dwivedi Versus C.R.I Through The Director General with Ac. Sudevanada Avadhuta Versus C.B.I Through The Director General ના ચુકાદામાં ઠરાવેલ છે કે,ક્રિમીનલ કોર્ટએ ઉચીત કેસોમાં ક્રિમી.

પ્રોસી.કોડની કલમ ૨૫૮,૩૦૯,૩૧૧ ના પાવર્સ ન્યાયના હીતમાં વાપરવા જોઈએ.જેમાં નામદાર સુપ્રિમકોર્ટએ ઠરાવેલ છે કે,The Criminal Courts should exercise their available powers, such as those under Sections 309,311 and 258 of the Code of Criminal Procedure to Efectute the right to speedy trial. A watchful and diligenet trial Judge can prove to be a better protector of such right than any guidelines. In appropriate cases, jurisdiction of the High Court under Section 482 CrPC and Articles 226 and 227 of the Constitution can be invoked seeking appropriate relief or suitable directions.વધુમાં પી.રામચંદ્ર રાવ વિ. કર્ણાટક રાજયઅ૨૦૦૨(૨) GLR પાનં.૧૫૪૯ ઉપર પ્ર સિધ્ધ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટના માનનીય સાત ન્યાયાધીશોની બેંચે ઠરાવેલ છે કે,,"The Criminal Courts should exercise their available powers, such as those under Sections 309, 311, 258 of the Code of Criminal Procedure 1973 to effectuate the right to speedy trial''તેમજ ૧૯૯૭(૩), જી.એલ.આર., પાનુ–૧૯૪૬, ''સ્ટેટ ઓફ ગુજરાત વિ. ગોરધનભાઈ ચંદુભાઈ પટેલ'' (૨) ૨૦૦૨(૨), જી.એલ.આર., પાનુ–૧૫૪૯, ''વિ.આર.રાવ. વિ સ્ટેટ ઓફ કર્ણાટક'' (૩) ૧૯૯૬(૨), ક્રાઈમ્સ ૧૭૭ ''મુળચંદ મોતીલાલ વિ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર એન્ડ અધર્સ'' ના ચુકાદાઓ પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લેતા ,તેમજ નામ.શ્રી ગુજરાત હાઈકોર્ટ ધ્વારા બહાર પાડવામાં આવેલ સરકયુલર નં.ડી /૨૯૧૭/૨૦૦૬, તા.૧૭/૧૦/૨૦૦૬ તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ અન્વયે, હાલના કેસની કાર્યવાહી બંધ કરી, નીચે મુજબનો ન્યાયના હીતમાં હુકમ કરવામાં આવે છે.

**// <u>હુકમ</u> //**

**૧.** ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩, કલમ–૨૫૮ અન્વયે વર્તમાન આરોપીઓ સામેની ઈન્સાફી કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. વધુમાં સદર આરોપીઓ મળી આવ્યેથી ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ રી–ઓપન કરવાની કાયદાકીય કાર્યવાહી અનુસરી શકશે, તેવી પરવાનગી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૦૦(૫) મુજબ આપવામાં આવે છે.

**હુકમ :** તારીખ: ૧૧ **મી,** માહે **–જુલાઈ** સને **: ૨૦૨૬** ના રોજ ખુલ્લી સ્પે.સીટીંગ લોક અદાલતમાં, વાંચી, સંભળાવી મારી સહી/ સીકકો કરીને જાહેર કરવામાં આવેલ છે.

સ્થળ : બોરસદ
તા.: ૧૧–૦૭–૨૦૨૬
સ્પ.સીટીંગ લોક અદાલત.

**(એસ.કે.પટેલ)**
**(Code No.GJ01326)**
બીજા એડી.જયુડી. ચીફ મેજી.બોરસદ.